# મોટા ઈસનપુરમાં જુગાર રમતા ૬ પકડાયા ૪.૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત

## ખેતરમાં જુગાર રમતા હતા બાતમી મળતા પોલીસ રેઈડ કરી

ગાંધીનગર, તા. ૪

એલ.સી.બી. પોલીસે મોટા ઈસનપુર ગામના ખેતરમાં જુગાર રમતા ૬ ઈસમોને ઝડપી લીધા છે. પોલીસે જુગારીઓ પાસેથી રૂ. ૩૨,૪૦૦ની રોકડ સહીત રૂ. ૪.૧૦ લાખનો મુદ્દામાલ કબજે લીધો છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેક્ટર એમ.જે. સોલંકી તેમજ તેમના સ્ટાફે મળેલી બાતમીના આધારે ગઈકાલે જિલ્લાના મોટા ઈસનપુર ગામના એક ખેતરમાં રેઈડ કરી હતી. આ દરમિયાન પોલીસે ગંજી પાનાનો જુગાર રમતા આરોપી રાજેન્દ્રસિંહ રણજીતસિંહ બિહોલા, હરીસિંહ ઉર્ફે બકાજી કનુજી બિહોલા, (રહે. મોટા ઈસનપુર) તેમજ સે. ૨૧માં બ્લોક નં. ૭૬/૩માં રહેતો માજીદખાન મહેબુબખાન પઠાણ, રમણભાઈ નારણભાઈ ચમાર (રહે ઈન્દીરાનગર છાપરા સે. ૨૪), બળદેવભાઈ કાનજીભાઈ પટેલ (રહે. પ્લોટ નં. ૨૭૩/૨ સે. ૪-એ) તેમજ આરોપી દિગ્વિજયસિંહ પ્રતાપસિંહ વાઘેલા (રહે. કોલવડા)ને ઝડપી લીધા હતા. પોલીસે આરોપીઓની અંગજડતી તેમજ દાવ પરથી રૂ. ૩૨૪૪૦ની રોકડ ઉપરાંત ૮ મોબાઈલ અને બે વાહનો તેમજ જુગાર રમવાના સાધન સાથે રૂ. ૪.૧૦ લાખનો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી છે.

## પેથાપુરમાં આખી રાત અંધારપટ છવાયો : રહીશો તોબા પોકાર્યા

ગાંધીનગર, તા.૪

પેથાપુરમાં ગઈકાલે આખી રાત લાઈટો ડૂલ રહેતા વરસાદી ઝાપટા બાદ આકરો બફારો અનુભવતા ગ્રામજનોએ જાગરણ કરવાની ફરજ પડી હતી. વરસાદના લીધે બહાર ન નીકળી શકતા સ્થાનિક રહીશોને અંધારપટ્ટ વચ્ચે પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. રાત્રિના ૧૧ વાગ્યાથી વીજપ્રવાહ ખોરવાઈ ગયો હતો. આકરા બફારા અને અંધારપટ્ટથી ત્રસ્ત રહીશોએ આ મામલે જીઈબીના તંત્રને જાણ કરતા સંતોષકારક પ્રતિઉત્તર ન મળ્યો હોવાનો આક્રોશ પણ ચરમસીમાએ પહોંચ્યો છે. પેથાપુરના રહીશોના જણાવ્યા મુજબ ચોમાસામાં વરસાદની સાથે વારંવાર લાઈટો ડુલ થઈ જાય છે. આ સમસ્યાનું કાયમી નિરાકરણ આવે તે માટે સ્થાનિક રહીશોએ ઉગ્ર માંગ કરી છે.

# ફાયર સ્ટેશનની દિવાલ પર બે તોતિંગ વૃક્ષો આખરે પડયા

## ભયજનક વૃક્ષો દૂર કરવા વન વિભાગને રજૂઆત કરાઈ હતી

ગાંધીનગર, તા.૪

ગઈ કાલે વરસાદી રાત દરમિયાન ફાયર સ્ટેશનના બિલ્ડીંગ પર બે ભયજનક વૃક્ષો અચાનક ધરાશયી થયા હતા. સદનસીબે કોઈ સ્થળ પર ન હોવાથી ઈજા થવા પામી ન હતી પરંતુ તોતિંગ વૃક્ષો જમીનદોસ્ત થતા ટી.પી.ની બે ડીસ્ક તુટી જવા પામી હતી.

ગાંધીનગરની ગ્રીનસીટી તરીકેની ઓળખ પણ હવે ભૂંસાવા તરફ છે. દિનપ્રતિદિન વૃક્ષછેદનની પ્રવૃત્તિ વધતા હયાત વૃક્ષોની પરિસ્થિતિ સામે ખતરો મંડરાયો છે. આવા સંજોગોમાં વનવિભાગ દ્વારા પણ વૃક્ષોની જાળવણીના મામલે યોગ્ય દરકાર લેવામાં ન આવતી હોવાનો જનઆક્રોશ પ્રબળ બન્યો છે. બીજી તરફ શહેરમાં ભયજનક વૃક્ષોની સંખ્યા પણ વિશેષ હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. ચોમાસામાં વરસાદી દિવસો દરમિયાન કડડભૂસ થતા વૃક્ષો ઘણીવાર રાહદારીઓ માટે પણ જાન લેવા પુરવાર થતા હોવાના કિસ્સા છે. વરસાદની શરૂઆત થતા જ વૃક્ષો જમીનદોસ્ત થવાની ઘટનાઓ પ્રકાશમાં આવી રહી છે. સે-૧૭માં સ્થિત ફાયર સ્ટેશનના કેમ્પસમાં જ ગત રાત્રે બે તોતિંગ વૃક્ષો ફાયર સ્ટેશનની દિવાલ પર પડયા હતા. જેના પરીણામે દિવાલ પર લગાવાયેલી ટીપીની બે ડીસ્ક તુટી ગઈ હતી. સદનસીબે કોઈને ઈજા થઈ ન હતી. ફાયર ઓફિસરે થોડા સમય અગાઉ જ આ ભયનજક વૃક્ષો દૂર કરવા વનવિભાગને રજૂઆત કરી હતી. આમ છતાં આ સંદર્ભે કોઈ પગલા લેવાયા ન હતા. કેમ્પસમાં હજુ પણ એક નમી પડેલું વૃક્ષ ભયજનક હાલતમાં છે.

# પોસ્ટ માસિક બચતનું વ્યાજ ઈ.સી.એસ. દ્વારા બેંકમાં જમા થશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર ડાક અદાલત દર ત્રણ માસે યોજાતી આજ રોજ ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પદાધિકારીઓએ ડાક અધિક્ષકશ્રી એચ.આર. વખારીયા સમક્ષ ડાક વિભાગના પ્રશ્નો રજૂ કરેલ હતા.

પોસ્ટ એમ.આઈ.એસ.ના વ્યાજની રકમ બેંકમાં બારોબાર જમા થઈ શકે તેવી વ્યવસ્થા કરવાના આદેશો કરેલ છે.

આ બેઠકમાં અરૂણભાઈ બુચ, મયુરભાઈ વ્યાસ, કિશોર જીકાદરા, સુધીર દેસાઈ, સી.ડી. ધનેશ્વર વગેરે આગેવાનોએ રજૂઆત કરી હતી. તેમાં મહાનગર પાલિકાનાં કોર્પોરેટર અશ્વીનભાઈ વ્યાસે પણ રજૂઆતમાં ભાગ લઈ સેકટર-૨૨ની ટપાલ વ્યવસ્થા વધુ સઘન બનાવવા પોસ્ટમેનની સંખ્યા વધારવાની રજૂઆત કરી હતી.

જી.એસ.પી.સી. દ્વારા પાઈપ લાઈન, ગેસના વપરાશના બીલો જે આવે છે તે ભરવા માટે હવે કોમ્પ્યુટરાઈઝ ટપાલ કચેરીમાં બીલ સ્વીકારવામાં આવશે. જેનો ઉકેલ લાવતતાં વખારીયાએ જવાબમાં જાણ કરેલ છે. સેકટર-૨ અને સે.-૧૯માં ટપાલ પેટી મુકવાનું સ્વીકારેલ છે. સ્થળ પસંદગી કરી તુરંત વ્યવસ્થા કરાશે.

આર.એમ.એસ. કચેરી વ્યવસ્થિત ચલાવવા માટે રજૂઆત કરેલ હતી. ગાંધીનગરથી ટપાલો બહારગામ ૧૫ દિવસો પણ પહોંચતી ન હોવાની રજૂઆતો થયેલ હતી.શ્રી વખારીયાએ પરિસ્થિતિમાં સુધારો કરવા જણાવેલ છે. રોકાણકારોનો ચેક કલીયર થાય ત્યાં સુધીના વ્યાજ અંગે પ્રશ્નોની રજૂઆત કરી હતી. માસિક વ્યાજ લેવા જતાં રોકાણકારોને નાણાં પોસ્ટ કચેરીમાં ન હોવાથી ધક્કા ખાવા પડે છે. તેમાં જરૂરી વ્યવસ્થા કરવા ખાત્રી આપી હતી.

# પોલીસે પેટ્રોલીંગ દરમિયાન એક ઘરફોડ ચોરને પકડયો

## કલોલમાં રકનપુર વિસ્તારમાં બંગલાની ચોરીનો ભેદ ઉકેલાયો

ગાંધીનગર, તા.૪

એલ.સી.બી. પોલીસો પેટ્રોલીંગ દરમિયાન એક ચોરને ઝડપી લેતા કલોલના રકનપુરમાં થયેલી ઘરફોડ ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલાયો છે.

એલ.સી.બી. પોલીસે ગઈકાલે પોલીસ પેટ્રોલીંગ દરમિયાન મળેલી બાતમીના આધારે સાંતેજ ચોકડી પાસે નટુ નબળાભાઈ ચૌહાણ (રહે. નાની ખરજ જિલ્લો ટાહોર)ને ઝડપી તેની પૂછતાછ હાથ ધરી હતી. આરોપીની ઉંડાણપૂર્વકની પૂછતાછ દરમિયાન તેણે પોતાના સાગરીત વિબુડા ગાડાભાઈ નિનામા સાથે કલોલ તાલુકાના રકનપુર ગામમાં સેન્ટોસા બંગલામાં ચોરી કરી હોવાનું કબુલ્યું હતું. આરોપીએ બારીની ગ્રીલ તોડી દાગીના, મોબાઈલ અને રોકડ રકમની ચોરી કરી હોવાની પોલીસ સમક્ષ કબુલાત કરી હતી. પોલીસે પુછતાછના અંતે આરોપી પાસેથી ચોરીનો મોબાઈલ પણ કબજે લીધો છે. જયારે દાગીના લીમડી ખાતે સોનીને વેંચી દીધા હોવાનું પણ પ્રકાશમાંઆવ્યું છે. આરોપીને વધુ તપાસ માટે કલોલ તાલુકા પોલીસને સોંપવામાં આવ્યો છે. તપાસ દરમિયાન અન્ય ગુન્હાઓ ઉકેલાય તેવી પણ સંભાવના છે.

## ગુજરાત વિદ્યાપીઠ રાધેજા ખાતે સર્વ રોગ શિબિરનું આયોજન

સ્વ. જે.જે. બજાજ નિર્સગોપચાર કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, રાધેજા ખાતે તા. ૧૦-૭-૧૨ થી ૧૬-૭-૧૨ દરમ્યાન ઓબેસીટી, ડાયાબીટીસ, દમ, આથેરાઈટીસ(વા) તથા ત્વચા સંબંધિત હઠીલા રોગોની સાચી સમજણ તથા સારવાર લોકો સુધી પહોંચાડવાના આશય રૂપે સર્વ રોગ શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. આ શિબિરમાં ભાગ લેવા ઈચ્છાતા દર્દીઓએ રાંધેજા ખાતે સંપર્ક કરી નામ નોંધાવવા માટે ૦૭૯-૨૩૯૭૬૭૧૮ મુખ્ય ચિકિત્સકની યાદીમાં જણાવવામાં આવેલ છે.

## સમસ્ત બ્રહ્મ સમાજના સે-૨૩ના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૪

સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર, સેકટર-૨૩ની સાધારણ સભા તાજેતરમાં મળી હતી. સમગ્ર બેઠકમાં વર્ષ ૨૦૧૨-૧૩ માટેના નવા હોદ્દેદારોની તથા કારોબારીની રચના કરવામાં આવી હતી.

બ્રહ્મ સમાજમાં સુવ્યવસ્થિત કામગીરી કરનાર અને સતત પ્રવૃત્તિશીલ રહેનાર નરેન્દ્ર વ્યાસ આ વર્ષેપણ પ્રમુખ તરીકે વરણી પામ્યા છે. નોંધનીય બાબત એ છે કે, પ્રમુખ નરેન્દ્ર વ્યાસ અને મંત્રી મુકેશભાઈ શુકલ છેલ્લા ત્રણ વર્ષથી આ પદ માટે નિયુકત થઈ રહ્યા છે. અન્ય હોદ્દેદારોમાં ખજાનચી તરીકે અતુલભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ તરીકે મયંકભાઈ ભટ્ટ, પૂનમભાઈ ભટ્ટ, પ્રદિપભાઈ દવે, બિપીનભાઈ જાની, નરેન્દ્રભાઈ મહેતા, સહમંત્રી તરીકે જીતુભાઈ રાવલ, મેહુલભાઈ દવે, અશોકભાઈ પંડયા, સંગઠન મંત્રી તરીકે મહેશભાઈ જાની, ભાસ્કરભાઈ વ્યાસ, જયેશ આચાર્ય તથા કારોબારીમાં કેવલરામભાઈ જોષી, ભાગ્યેશભાઈ દવે, ગિરીશભાઈ ઠાકોર, આનંદ જોષી, તપન ત્રિવેદીની વરણી કરવામાં આવી છે. સલાહકાર સમિતિમાં પંકજભાઈ શુકલ, મુકેશભાઈ દવે, પરેશભાઈ દવે, દિલીપભાઈ જાની, બંકિમચંદ્ર મહેતાની વરણી કરવામાં આવી છે.

## ભાવસાર મિત્ર મંડળની ૧૫મી જુલાઈએ સામાન્ય સભા યોજાશે

ગાંધીનગર, તા.૪

ભાવસાર મિત્ર મંડળ ગાંધીનગરની વાર્ષિક સાધારણ સભા તા. ૧૫મી જુલાઈના સવારે ટાઉન હોલ પાસે સવારે ૧૦.૦૦ વાગે યોજાશે. જેમાં વાર્ષિક હિસાબો, શ્રદ્ધાંજલિ, નવી કારોબારીની રચના થશે. દર વર્ષની જેમ તેજસ્વી વિદ્યાર્થીઓએ જુનિયર કેજી થી ઉચ્ચ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓએ માર્કશીટ તા.૩૦મી જુલાઈ સુધીમાં મંડળના હોદ્દેદારોને રૂબરૂમાં મોકલી આપવા જણાવેલ છે.

## ગાંધીનગર જિલ્લા દૂધ સંઘની ૪૨મી વાર્ષિક સભા યોજાઈ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.ની ૪૨મી વાર્ષિક સાધારણ સભા, મધુર ડેરી, ગાંધીનગર ખાતેના બોર્ડ રૂમમાં યોજવામાં આવી હતી. વાર્ષિક સાધારણ સભામાં ૮૦ દૂધ મંડળીના ચેરમેનો હાજર રહ્યા હતા.

પ્રાર્થનાથી શરૂ થયેલી વાર્ષિક સાધારણ સભામાં ચેરમેન ડૉ. શંકરસિંહ રાણાએ સંસ્થાનો ૪૨મો વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. તથા સંસ્થાના મેનેજીંગ ડિરેકટર રોહિતભાઈ મહેતાએ સર્વે દૂધ મંડળીનો આભાર માની ૪૨મી વાર્ષિક સાધારણ સભાની કાર્યસૂચિના કામકાજ સહકારભર્યા વાતાવરણમાં સૌએ મંજુર કર્યા હતા અને મધુર ડેરીના વહીવટ અને ડેરીના સતત વિકાસને હૃદયપૂર્વક બિરદાવ્યા હતા. પરસ્પર પ્રેમ, સહકાર તેમજ મધુર ડેરીના સતત વિકાસની પ્રસન્નતા સાથે મળેલી ગાંધીનગર જિલ્લા દૂધ સંઘની ૪૨મી વાર્ષિક સાધારણ સભામાં ૮૦ દૂધ મંડળીના ચેરમેનોએ હાજરી આપી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# ઘર છોડી ભાગી છૂટવાની નથી છૂટ કોઇને, છતાંય પાછા આવવાની છૂટ છે તને

સંબંધ સજાવે જિંદગી

**પહેલો સગો પડોશી**

- સંજય થોરાત

gsrelation@yahoo.com

શ્યામલ હાઉસિંગ કૉલોનીમાં આજે એક જ ચર્ચા હતી કે પરાગ રાવની દીકરી અમૃતા પેલા શંકર દવેનાં છોકરા સાથે ભાગી ગઇ... પત્યું આવી વાતોને પાછી ફરી વળતાં વાર કેટલી, બપોરે સાડા બારે બનેલી આ ઘટના સોસાયટીમાં આઠેય બ્લૉકના સભ્યોને ખબર પડી ચુકી હતી.

અમૃતા એટલે બારમા ધોરણની વિદ્યાર્થીની, દેખાવમાં અત્યંત સુંદર જાને સની લીયોન જ જોઈલો, કામમાં ચંચળ અને ભણવામાં પણ પાછળ નહીં. એમનાં સમાજનાં રીત રીવાજ પ્રમાણે સગાઇ પણ થઇ ગયેલી, છોકરો એની તોલે આવે એવો નહોતો, પણ સાવ જ ખરાબ પણ નહોતો... શંકર દવેનો છોકરો કિરણ અમૃતાથી ખાસ્સો દસેક વર્ષ મોટો, કામધંધો કંઇ કરે નહીં ને દેખાવે મોઢા પરથી માખ ઊડે નહીં એવો, પણ કહેવાય છે ને કે, છોકરીની મુગ્ધાવસ્થઆમાં એ કયાં હાથ નાંખી બેસશે કહેવાય નહીં!!

ગુરૂવારનો ચાલુ દિવસ નોકરી ધંધાવાળા સોસાયટીમાં મળે નહીં અને બપોરે અમૃતા પેલાં કિરણને સોસાયટીમાં જ એનાં ઘર પછવાડે મળવા ગઇ, અમૃતાની બેન અમીને ખબર પડી અને એની મમ્મી સાથે ત્યાં ગઇ અને મમ્મીએ જોયાનો ડર મનમાં પેસતાં જ અમૃતાએ દોટ મુકી સોસાયટીનો ગેટ વટાવી રીક્ષા પકડી ભાગી ગઇ, બે-પાંચ મિનિટમાં અંતરમાંનો પંખી નજર સામેથી ઉડી ગયું અને અમૃતાનાં મમ્મી અને અમી મોં વકાસીને જોતાં જ રહી ગયાં. અમૃતાના પપ્પાને આ ખબર પહોંચે ત્યાં સુધી તો અમૃતા ગાયબ થઈ ચુકી હતી...

પછી તો અફવાનો અને વાતોનો દોર ચાલ્યો કે, મેં અમૃતાને ફૂવારાએ જોઇ, કોઇ કહે પેલાં કિરણ જોડે અમદાવાદની બસમાં ચઢતાં જોઇ, કોક વળી એને બાઇક પર જતાં જોઇ... અમૃતાનાં પરિવાર પર તો સંકટની વિજળી તૂટી પડી એક તરફ દીકરી જવાનું દુઃખ અને બીજી તરફ સોસાયટી - સમાજમાં આબરૂના લીરાંનું દુઃખ!! સાંજ પડતાં સુધીમાં તો સોસાયટીનો પુરૂષવર્ગ ભેગા થવાં લાગ્યો અને અમૃતાને શોધવાનું નેટવર્કીંગ ફાસ્ટ થઇ ગયું!!

અમૃતાનાં પાડોશી બેને એમનો ફોન વાપરવાની પરવાનગી આપી દીધી, મોબાઇલ તો આજથી દસેક વર્ષ પહેલાં આમેય એટલાં ચલણમાં નહોતા. જયાં જયાં અને જેટલું થાય એ પ્રમાણે ચકરડાં ફરવાં લાગ્યાં અને પાડોશી બેનનાં પતી થોડી પહોંચેલી માયા એટલે એમણે એમનાં સૉર્સની પોલીસમાં જાણવાજોગની અરજી આપી અમૃતાની શોધખોળ આરંભી દીધી... સોસાયટીનાં દરેક પાડોશી એમની એમની રીતે અમૃતાની ભાળ મેળવવાં અને અમૃતાનાં પરિવારને સાંત્વના આપવા આવવા લાગ્યાં...

રાવ અને દવે બંને પરિવાર એક જ સોસાયટીનાં હોવાથી મામલો



જરા વધુ પેચીદો હતો. સાંજે ૭ વાગતામાં જયાં ખબર મળ્યાં કે કિરણ તો ગાંધીનગરમાં જ છે, અને અમૃતા અને કિરણ સાથે નથી, અમૃતાના પરિવારવાળા કિરણને મારશે એ બીકે એ એમનાં સગાંને ત્યાં સંતાયો હતો એવી જાણ થતા એક તરફ હાશકારો જયાં દવે પરિવારને થયો ત્યાં રાવ પરિવાર વધુ સંકટમાં આવ્યો, કે દીકરી અમૃતા એકલી કયાં જવા નીકળી હશે, મા-બાપ વગર કયારેય શાળાના પ્રવાસેય ન જનારી અમૃતાનું શું થશે??

સવારનો ભૂખ્યો તરસ્યો અમૃતા રાવનો પરિવાર જયાં આંસુ સારીને અરધો થઇ ગયેલાં ત્યાં પાડોશનાં માયાળું બેને એમને આગ્રહ કરીને જમાડી દીધા, રાતના બે વાગ્યાં સુધી સોસાયટીમાં મોટા ભાગનાં પરિવારનાં વડીલો અમૃતાને કેમ, કયાં અને કયાંથી શોધવી એવી જ ચિંતા અને ગડમથલમાં રહ્યાં, પોલીસ એની રીતે શોધખોળ કરતી જ હતી, પણ અમૃતાના કોઈ ખબર મળ્યાં નહીં. દવે પરિવારે એમનાં દીકરા કિરણને સોસાયટીમાં હાજર કરી દીધો, કારણ કિરણ એકમાત્ર કડી હતો જે અમૃતા વિશે કંઇક કહી શકે...

ઘણી ઉલટ તપાસ અને પ્રશ્નો મારા પછીએ કિરણ જયારે જવાબ ના આપી શકયો ત્યારે ખાત્રી થઈ ગઈ કે અમૃતાનું ઠેકાણું કિરણનેય ખબર નથી. સોસાયટીનાં પાડોશીઓ અમૃતાના પરિવારને સાંત્વના આપી. એમની દીકરીને શોધવાનું બીડું ઝડપ્યું. ૨૪ કલાકથી વધુ સમય થાય તો છાપામાં કે ટી.વી.માં જાહેરાત આપવા સુધીની ચર્ચા અને તૈયારી કરી લીધા. અમૃતાના પાડોશી બહેનને શ્રધ્ધા હતી કે સાંઈબાબા સૌનું ભલું કરશે અને આપણી અમૃતા જરૂર પાછી આવશે... સની લીયોન જેવી દેખાતી ૧૭ વર્ષની કુમળી કન્યાં કયાંક કોઈ ભળતી ગેંગના હાથમાં આવી જાય કે મુંબઈ જેવાં શહેરમાં ભરાઈ પડે તો એનો અંજામ શું? અને ગભરાયેલી અમૃતા કયાંક કોઈ અવિચારી પગલું તો નહીં ભરેને? ચિંતા સૌને કોરી ખાતી હતી...

બીજા દિવસનું પ્રભાત અમૃતાના પરિવાર માટે અમૃત સમાન સાબિત થયું, પાડોશીના ફોન પર જ સમાચાર આવ્યાં કે અમૃતા શીરડીમાં પહોંચી છે અને સાંઇબાબાની કૃપાથી હેમખેમ છે. તરત જ એમનાં જ ફલૅટમાં રહેતા ચકાભાઇ એને ફલાઇટથી લેવાં ઉપડ્યાં અને સમાચાર મળ્યાંના ચોથા કલાકે તો ચકાભાઇ અમૃતાની વાત કરાવી અમે કાલે પહોંચીશું ના સમાચાર આપી સૌને હળવાં કરી દીધા... પ્રભુએ લાજ રાખી લીધી અને રૂપાળી - દેખાવડી કન્યા અભડાયા વગર અખંડીત ઘરે પાછી આવી ગઇ... સોસાયટીનાં સૌ સભ્યો અને સામેના બારણે રહેતાં પાડોશીએ દિવસ-રાત જોયા વગર જે આર્થિક અને માનસિક રાહત પહોંચાડી અને છેક સુધી ધૈર્ય જાળવીને પાડોશીને જાળવ્યા એ કાં નાની સુની ઘટના તો ના જ કહેવાય...

ગાંધીનગરમાં જ ઘટેલી આ ઘટનાના સ્થળ અને પાત્રોનાં નામ આબરૂને જાળવવાનાં હેતુથી ફેરબદલ કરેલાં છે. ભાગીને પાછી આવેલી અમૃતાને પરિવારે કચકચ કર્યા વગર સ્વીકારી અને એમનાં જ સમાજમાં છોકરા સાથે પરણાવી દીધી. કિરણ દવેએ પણ એનાં સમાજમાં જ લગ્ન કરી લીધાં છે. જુની વાતો હોઠ સીવી રાખી અમૃતાને એની નવી જિંદગી જીવતાં મુકતતા મળી ગઈ, અને હાં - એનાં લગ્નમાં પેલા શ્યામલ સોસાયટીનાં સૌ પરિવાર આશીર્વાદ આપવા પહોંચેલાં!!

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૭

સૂર્યાસ્ત : ૭.૨૯

## તાપમાન

મહત્તમ : ૩૧.૮ ડિ.સે.

લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૮ ટકા ● સાંજે ૭૫ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

મેક્ષીમમ : ૧.૧૫, ૩.૩૦, ૫.૪૫, ૭.૪૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

ધ અમેઝીંગ સ્પાઈડરમેન (હિન્હી) : ૧૦.૦૦,૧૨.૩૦,૩.૦૦, ૮.૦૦, ૧૦.૩૦

ધ અમેઝીંગ સ્પાઈડરમેન (અંગ્રેજી): ૫.૩૦

: સ્ક્રીન-૩ :

ફરારી કી સવારી : ૧૧.૩૦

તેરી મેરી કહાની : ૨.૧૫, ૪.૩૦, ૧૦.૦૦

રાઉડી રાઠોડ : ૬.૪૫

: સ્ક્રીન-૪ :

મેક્ષીમમ : ૧૦.૦૦

ગૈંન્સ ઓફ વાસાઈપુર : ૧.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

તેરી મેરી કહાની : ૨.૦૦

રાઉડી રાઠોડ : ૪.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

કેવી રીતે જઈશ : ૮.૦૦

ધ અમેઝીંગ સ્પાઈડરમેન -૩ડી(હિન્હી) : ૧૦.૪૫,૧.૩૦,૪.૧૫, ૭.૦૦, ૯.૪૫

: સ્ક્રીન-૨ :

ધ અમેઝીંગ સ્પાઈડરમેન -૩ડી(હિન્હી) : ૯.૧૫,૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫

: સ્ક્રીન-૩ :

મેક્ષીમમ : ૯.૦૦, ૪.૪૫

તેરી મેરી કહાની : ૧૧.૦૦

ગૈંન્સ ઓફ વાસાઈપુર : ૧.૩૦, ૯.૩૦

રાઉડી રાઠોડ : ૬.૪૫

: સ્ક્રીન-૪ :

ફરારી કી સવારી : ૯.૩૦, ૨.૪૫, ૮.૦૦

રાઉડી રાઠોડ : ૧૨.૦૦

તેરી મેરી કહાની : ૫.૩૦, ૧૦.૪૫

### સૂર્યા, વાવોલ

આખા જગતથી નિરાળી મારી સાજણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

લવ- સેક્સ ઔર મલ્ટીપ્લેક્ષ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- રાત્રે ૯.૩૦ કલાકે લ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા 'એમ પૂછી ને થાય નહીં પ્રેમ..' નાટક.

## આપની આજ

**મેષ** : સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. વેપાર ક્ષેત્રે ભાગીદારીમાં સંભાળવું. વડીલોનું માર્ગદર્શન કાર્યક્ષેત્રે ઉપયોગી સાબિત થઈ શકે છે.

**વૃષભ** : વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણો થઈ શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય. કુટુંબીજનો સાથે આનંદમયરીતે સમય પસાર થઈ શકે છે. સમય શુભ.

**મિથુન** : આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વાહન -જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે. સમય સાનુકૂળ.

**કર્ક** : ભૌતિક સુખ- સુવિધામાં વધારો થઈ શકે છે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે. સમય શુભ.

**સિંહ** : દિવસ આનંદમયરીતે પસાર થઈ શકે છે. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. સમય મધ્યમ.

**કન્યા** : આર્થિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. સંતાન સંબંધી પ્રશ્નોના ઉકેલ આવી શકે છે. દિવસ શાંતિથી પસાર કરવો.

**તુલા** : વાહન- જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. નોકરી -વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી નીવડી શકે છે. કૌટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે. સમય શુભ.

**વૃશ્ચિક** : ભૌતિક સુખ- સુવિધામાં વધારો થઈ શકે છે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે. સમય શુભ.

**ધન** : વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણો થઈ શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય. કુટુંબીજનો સાથે આનંદમયરીતે સમય પસાર થઈ શકે છે. સમય શુભ.

**મકર** : આરોગ્યની કાળજી રાખવી. સામાજિક જવાબદારી હળવી બનતી જણાય. વડીલોનું માર્ગદર્શન નોકરી- વેપાર ક્ષેત્રે ઉપયોગી સાબિત થઈ શકે છે.

**કુંભ** : દિવસ આનંદમયરીતે પસાર થઈ શકે છે. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. સમય મધ્યમ.

**મીન** : આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વાહન -જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે. સમય સાનુકૂળ.

## ચિરવિદાય

- સ્વ. કુશલ વિજયભાઈ પંડ્યા (ઉ.વ.૨૫) ઈ-૩૦૪, કામલ રેસીડેન્સી, મુ.પો. કુડાસણ, તા., જિ.ગાંધીનગર.
- સ્વ. કમશીભાઈ શવાભાઈ ભંગી (ઉ.વ.૪૫) ક-૬, સેકટર - ૨૩ના છાપરા, ગાંધીનગર.